વંદે ગુજરાત
20 વર્ષનો વિશ્વાસ
20 વર્ષનો વિકાસ

સત્યમેવ જયતે

ન્યૂઝ એન્ડ મીડિયા રિલેશન શાખા
માહિતી નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦

ઈ-મેઈલ : gujaratinformation@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in

૧૮ ઓક્ટોબર, ૨૦૨૨ સમાચાર સંખ્યા : ૧૨૫૩

## ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના વટહૂકમ-2022ને રાજ્યપાલશ્રીની મંજૂરી મળતાં રાજ્યમાં વટહૂકમનો અમલ કરવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો નિર્ણય

.........

## રાજ્યના જરૂરીયાતમંદ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોની બિનઅધિકૃત મિલ્કતોને કાયદેસર કરવા રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય : પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી

........

- **રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ-શહેરી વિકાસ સત્તામંડળો અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા બિનઅધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે**
- **રેરા-એક્ટ-2016 અન્વયે નોટિસ અપાયેલા બાંધકામોનો સમાવશે નહીં**
- **માર્જિન-બિલ્ટઅપ-મકાનની ઊંચાઈ-ઉપયોગમાં ફેરફાર- કવર્ડ પ્રોજેક્ટશન-પાર્કિંગ-કોમનપ્લોટ વગેરે ફી લઈને નિયમાનુસાર નિયમબદ્ધ થઈ શકશે**
- **તારીખ 1 ઓકટોબર-2022 પહેલાં થયેલાં બિનઅધિકૃત બાંધકામ જ નિયમિત કરી શકાશે.**

.......

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ધ્વારા ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેનો વટહુકમ-2022નો રાજ્યમાં અમલ કરવાનો મહત્વપૂર્ણ લોકહિતલક્ષી નિર્ણય કર્યો છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી દ્વારા આ ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના વટહુકમ-2022ને મંજૂરી આપવામાં આવી છે.

રાજ્ય સરકારના પ્રવક્તા શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ જનહિતલક્ષી નિર્ણયની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાત જેવા વિકાસના રોલમોડેલ રાજ્યમાં ઊદ્યોગો, વેપાર-ધંધાની વ્યાપક્તાને કારણે મોટી સંખ્યામાં લોકો રોજગારી-વ્યવસાય માટે શહેરોમાં આવીને વસવાટ કરતા થયા છે. આના પરિણામે વાણિજ્યિક અને અન્ય હેતુની મિલકતોની માગ દિન-પ્રતિદિન વધતી જાય છે. રાજ્યના જરૂરીયાતમંદ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારે તેમની બિનઅધિકૃત મિલ્કતોને કાયદેસર કરવાનો આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. એક રૂમ બે રૂમ રસોડાના નાન મકાનમાં પરિવાર સાથે રહેતા મધ્યમવર્ગીય નાગરિકો તેમના બિનઅધિકૃત બાંધકામ અંગે સતત ચિંતા કરતા હોય છે તે બાબતે રાજ્ય સરકારે સંવેદના સાથે આ નિર્ણય લીધો છે.

વેગવંતા શહેરીકરણને કારણે શહેરો અને નગરોની હદ અને વિસ્તારમાં મોટા પ્રમાણમાં વધારો

થવાથી, શહેરોમાં પરવાનગી વગર મકાનો બનતા જાય છે. અથવા વિકાસ નિયંત્રણ નિયમોની વિરૂધ્ધ મકાનો બને છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રવક્તા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી એમ પણ કહ્યું કે, રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, સત્તામંડળો, નગરપાલિકા વિસ્તારોમાં વિપુલ પ્રમાણમાં મકાનો/બાંધકામો બી.યુ. પરવાનગી વગરના જણાય છે. બાંધકામોની સંખ્યાનો વ્યાપ તથા સેમ્પલ સર્વેની વિગતો ધ્યાને લેતા, બી.યુ. પરવાનગી ન મળેલ હોય તે તમામ બાંધકામોને બી.યુ. પરવાનગી સમકક્ષ માન્યતા મળી રહે તે માટે કોઈ ચોક્કસ પગલાં લેવા/નીતિ ઘડવી આવશ્યક હતી.

તેમણે ઉમેર્યું કે, સંબંધિત સત્તામંડળ દ્વારા બિનઅધિકૃત બાંધકામોને દૂર કરવા, ઉતારી પાડવા અથવા અન્ય ફેરફાર કરવા ગુજરાત પ્રોવિન્સીઅલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ અથવા ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ મુજબ નોટીસો આપવામાં આવેલ છે. પરંતુ, આ નોટીસોના અનુસંધાને સંબંધિતો દ્વારા જરૂરી પગલા લેવાનુ કે પૂર્તતા કરવાનુ સંપૂર્ણતઃ શક્ય બનેલ નથી.

આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે, રાજ્ય સરકારે અગાઉ સને ૨૦૦૧ અને ૨૦૧૧માં અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટેના કાયદા અમલમાં લાવવામાં આવેલ, જેના આધારે કેટલાક બાંધકામો નિયમિત થયેલ છે. તેમ છતાં, ઘણા બિનઅધિકૃત બાંધકામો નિયમિત થઇ શકેલ નથી તેમજ વપરાશની પરવાનગી મેળવી શકેલ નથી, તે પણ ધ્યાનમાં આવ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

આ તમામ પરિસ્થિતિ ધ્યાને લઇ તથા જૂના કાયદાની જોગવાઇઓ, નામ. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના નિર્દેશો તથા સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને લઈ ‘Gujarat Regularisation of Unauthorised Development Ordinance, 2022’ નો વટહુકમને માન. રાજ્યપાલશ્રી ની મંજૂરી મળેલી છે.

મોટા પાયા પર અનઅધિકૃત બાંધકામો અને બી.યુ. પરવાનગી વગરનાં બાંધકામોને દૂર કરવા, તોડી પાડવા કે ફેરફાર કરવાથી, અસંખ્ય માણસો ઘર વિનાના અને આજીવિકાના સાધન વગરના થવાની સંભાવના છે તથા કાયદો અને વ્યવસ્થા બગડવાની સંભાવના સાથે સાથે સામાન્ય માણસને મુશ્કેલી પડી શકે છે, સમાજની આર્થિક અને સામાજીક વ્યવસ્થા પર પણ વિપરિત સ્થિતિ ઉત્પન્ન થવાની સંભાવના છે, જે ઇચ્છનિય બાબત નથી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર બાબતે સંપૂર્ણ માનવીય અભિગમ અપનાવીને રાજ્યના લાખો પરિવારોને આવાસ-સુરક્ષા આપવા આ ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વટહુકમ-2022નો અમલ કરવાનો નિર્ણય કર્યો છે, એમ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

- **આ વટહુકમની મહત્વની જોગવાઇઓ અંગેની વિગતો આપતા પ્રવક્ત મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો અને નગરપાલિકાઓ**

વિસ્તાર માં આવેલ અનઅધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે.

- Real Estate Regulatory Authority (RERA) Act 2016 હેઠળ જે બાંધકામોને નોટીસ આપેલ હોય તેનો સમાવેશ થશે નહી.
- માર્જિન, બીલ્ટઅપ, મકાનની ઊંચાઈ, ઉપયોગમાં ફેરફાર, કવર્ડ પ્રોજેક્શન, પાર્કિંગ (ફકત ૫૦% માટે ફી લઈ), કોમન પ્લોટ (૫૦ % કવરેજની મર્યાદાને આધીન અને માત્ર મળવા પાત્ર ઉપયોગ), સેનિટરી સુવિધા ફી લઈ નિયમબધ્ધ થઇ શકશે.
- જે કિસ્સામાં મળવાપાત્ર એફ.એસ.આઇ. ૧.૦ થી ઓછી હોય તેમાં, રહેણાંક ઉપયોગ સિવાયના (દા.ત. વાણીજય, શૈક્ષણીક, આરોગ્ય, ઔધોગીક વિગેરે) બાંધકામોમાં સીજીડીસીઆર મુજબ મહત્તમ મળવાપાત્ર FSI કરતા ૫૦ % વધારે FSI થતી હોય, પ્લોટની હદથી બહાર નિકળતા પ્રોજેકશન, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, પાણીના નિકાલ, ઇલેકટ્રીક લાઇન, ગેસ લાઇન અને જાહેરઉપયોગી સેવાઓ ઉપર કરેલ બાંધકામ નિયમબધ્ધ થઇ શકશે નહી.
- સરકારી, સ્થાનિક સત્તામંડળોની જમીનો પરના બાંધકામ, ચોકકસ હેતુ માટે સંપાદન/ ફાળવણી કરાયેલ જમીનો, જાહેર રસ્તામાં આવતી જમીનો, જળ પ્રવાહ અને જળ સ્ત્રોત જેવા કે તળાવ, નદી, કુદરતી જળપ્રવાહ વિગેરે, ઓબ્નોક્ષિયસ અને હેઝાર્ડસ ઔધોગિક વિકાસના હેતુ માટે નિયત કરાયેલ વિસ્તાર, શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ રમત ગમત નું મેદાન માં થયેલ બિનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ થઇ શકશે નહી.
- Fire Safetyના કાયદા મુજબ સુસંગત ન હોય, Structural Safety ની જરૂરીયાત જળવાતી ન હોય, Real Estate Regulatory Authority (RERA) Act 2016 હેઠળ ઠરાવેલ બિનઅધિકૃત બાંધકામ, Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021 સાથે સુસંગત ન હોય તેવા બાંધકામો નિયમબધ્ધ થઇ શકશે નહી.
- નિયત પાર્કીગની જોગવાઇ પૈકી ૫૦ % પાર્કીગ માલીક / કબ્જેદારે જે તે સ્થળે પુરી પાડવાની રહેશે. જે કિસ્સામાં આવા ૫૦ % પાર્કીગની જરૂરીયાત જે તે સ્થળે પુરી પાડી શકાય તેમ ન હોઇ ત્યારે નિર્દિષ્ટ સત્તામંડળ આવી સુવિધા ૫૦૦મી.ની ત્રીજયામાં ૦૩ માસમાં પૂરી પાડવા જણાવશે. બાકીના ૫૦ % ખુટતા પાર્કીગ માટે ફી લઈ બાંધકામો નિયમબધ્ધ થઇ શકશે.
- આ વટહુકમ હેઠળ અનધિકૃત વિકાસ અથવા તેના ભાગના નિયમિતકરણ થી તે મકાન/ બિલ્ડીંગ માટે સી.જી.ડી.સી.આર. કે અન્ય સંબઘિત કાયદા હેઠળ આપવામાં આવતી વપરાશની પરવાનગી (BU Permission) માનવામાં આવશે.
- તારીખ ૦૧-૧૦-૨૦૨૨ પહેલા થયેલા બિનઅધિકૃત બાંધકામો જ નિયમિત કરી શકાશે.

બિનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવાની કાર્યવાહી સંદર્ભમાં વિગતો આપતા શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, વટહુકમ અમલમાં આવ્યાની તારીખથી ચાર માસમાં બિનઅધિકૃત બાંધકામ નિયમીત કરાવવા મકાનોના માલિક અથવા કબજેદારો e-Nagar Portal ઉપર ઓનલાઇન અરજી કરી શકશે.

- અરજીની તારીખથી છ માસમાં બિનઅધિકૃત બાંધકામ કોઇપણ શરત સાથે કે તે સિવાય નિયમબધ્ધ કરવા અંગે હુકમ અથવા નિયમબધ્ધ કરવા માટે ના પાડવાં હુકુમ કરવાની રહેશે.
- ફી ભરવા માટે ૨ માસ ની સમય મર્યાદા રહેશે.
- સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલ વ્યકિત, સદર નિર્ણય મલ્યાના ૬૦ દિવસમાં અપીલ અધિકારીશ્રી સમક્ષ અપીલ કરી શકશે. અપીલ અધિકારીશ્રી ને જરૂર લાગે તો બીજા ૬૦ દિવસ અપીલ કરવા માટે આપી શકશે.
- તારીખ ૦૧-૧૦-૨૦૨૨ પહેલાનું બાંધકામ ના આધાર માટે નિયત તારીખ પહેલાનો મિલકત ભોગવટા અંગે, મકાનવેરાની આકારણી/ઈલેક્ટ્રીસિટી બીલ રજૂ કરવાની રહેશે.
- નવી શરતની જમીનમાં થયેલ બાંધકામો નિયમિત કરી શકશે નહીં.

<u>બિનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવા માટે ફીનો દર</u>

**A. પાર્કિંગ સિવાયના હેતુઓ માટે:**

| બિનઅધિકૃત બાંધકામનો કુલ વિસ્તાર | | ફી નો દર |
|---|---|---|
| 1 | | 2 |
| 1. | ૫૦ ચો.મી. સુધી | Rs. 3,000/- |
| 2. | ૫૦ ચો.મી. થી ૧૦૦ ચો.મી સુધી | Rs. 3,000/- વત્તા વધારાના Rs. 3,000/- |
| 3. | ૧૦૦ ચો.મી. થી ૨૦૦ ચો.મી સુધી | Rs. 6,000/- વત્તા વધારાના Rs. 6,000/- |
| 4. | ૨૦૦ ચો.મી. થી ૩૦૦ ચો.મી સુધી | Rs. 12,000/- વત્તા વધારાના Rs. 6,000/- |
| 5. | ૩૦૦ ચો.મી થી વધૂ | Rs. 18,000/- વત્તા વધારાના Rs. 150/- દર ચો.મી ( ૩૦૦ ચો.મી થી વધૂ ના ક્ષેત્રફળ માટે) |

**a.** કૉલમ 1માંનો આંકડો તમામ માળ પરનો કુલ અનધિકૃત બિલ્ટ-અપ વિસ્તાર છે.

**b.** ઉપરના દરો માત્ર રહેણાંક ઉપયોગ માટે જ લાગુ પડશે.

**c.** ઉપયોગના ફેરફાર ના સંદર્ભમાં અને રહેણાંક ઉપયોગ સિવાયના અન્ય ઉપયોગ માટે, ઉપર જણાવ્યા મુજબના બમણા દરો લાગુ પડશે.

**d.** અપૂરતૂ સેનેટરી સુવિધાઓ ના કિસ્સામાં, ઉપરોક્ત ફી ઉપરાંત રૂ. 7,500/- ચૂકવવાનું રહેશે.

**B. પાર્કિંગના હેતુ માટે**

| વિગત | | ફી નો દર |
|---|---|---|
| 1 | | 2 |
| 1. | રહેણાંક માટે ખૂટતી પાર્કિંગ જગ્યા | જંત્રી ના 15 % |
| 2. | રહેણાંક સિવાય ના હેતુ માટે ખૂટતી પાર્કિંગ જગ્યા | જંત્રી ના 30 % |

**<u>બિનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરતાં થતી વસુલાત બાબત</u>**

- બિનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરતાં એકત્ર થતી વસુલાતનું ફી ની રકમ 'આંતરમાળખાકીય વિકાસ ભંડોળ'(Infrastructure Development Fund) તરીકે આંતરમાળખાકીય સવલતો સુસજ્જ કરવા, ફાયર સેફટી સવલતો ઉભી કરવા, પાર્કીંગની જોગવાઇ કરવા, પર્યાવરણ સુધારણા માટે થશે.

રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૧ અને ૨૦૧૧માં બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા સારૂ કાયદો ઘડવામાં આવ્યો હતો.

આ કાયદાના લાભોથી વંચીત રહેલ અનધિકૃત વિકાસ કે જે તારીખ ૦૧-૧૦-૨૦૨૨ પહેલાં કરાયેલ છે, તેને નિયમિત કરાવવા ઇચ્છુક નાગરીકો લાભ લઇ શકે તેવા મુળ હાર્દ સાથે જાહેર જનતાના હિતાર્થે ઇમ્પેકટ ફીનો કાયદો ફરીથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની આ રાજય સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવેલ છે, તેમ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાથી એકત્ર થયેલી રકમ, આંતરમાળખાકીય સવલતોના વિકાસ અને સુધારો કરવા માટે વાપરવામાં આવશે જે સામાન્ય જનતા અને સમગ્ર સમાજના ફાયદા માટે તથા જાહેર હીતમાં રહેશે.

પ્રવક્તામંત્રીશ્રીએ કહ્યું કે, ગેરકાયદેસરતાના અભિશાપમાંથી મુક્તિ અપાવવાનું આ શ્રેષ્ઠ પગલું અને સરકાર દ્વારા કરાયેલો સરળ પ્રક્રિયાનો આ અભિગમ જનતાને નવું સ્વાભિમાન બક્ષવાનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારનો પ્રજાહિતલક્ષી સરાહનીય તથા અભિનંદનને પાત્ર અભિગમ છે.

**સી.એમ.પી/આર/ઓ** .............................

વંદે ગુજરાત
20 વર્ષનો વિશ્વાસ
20 વર્ષનો વિકાસ

સત્યમેવ જયતે

ન્યૂઝ એન્ડ મીડિયા રિલેશન શાખા
માહિતી નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦

ઈ-મેઈલ : gujaratinformation@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in

૧૮ ઓક્ટોબર, ૨૦૨૨ સમાચાર સંખ્યા : ૧૨૫૪

## રાજયના ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારોને દિવાળીમાં વધારાની એક કિલો ખાંડ અને એક લીટર સીંગતેલનું રાહત દરે વિતરણ કરાશે : પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

.........................

## "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ની અવધિ ડિસેમ્બર -૨૦૨૨ માસ સુધી લંબાવાઈ : ૭૧ લાખ N.F.S.A.રેશનકાર્ડ ધારકોને થશે લાભ

.........................

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો દિવાળીનો તહેવાર ઉલ્લાસમય રીતે ઉજવી શકે તે આશયથી રાજ્ય રાજ્ય સરકારે ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારોને દિવાળીના તહેવારો માટે વધારાની એક કિલો ખાંડ અને એક લીટર સીંગતેલ રાહત દરે વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.

મંત્રી શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ગરીબ મધ્યમ પરિવારને સહાયરૂપ થવા માટે આ મહત્વનો નિર્ણય કરાયો છે જેનું વિતરણ હાલ કરવામાં આવી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે, હાલ દિવાળીનાં તહેવાર નિમિતે અંત્યોદય અને બીપીએલ મળી ૩૨ લાખ રેશનકાર્ડ ધારકોને પ્રતિ કાર્ડ ૧ કિલો વધારાની ખાંડનું વિતરણ અનુક્રમે રૂા.૧૫ અને રૂા.૨૨ પ્રતિ કિલોનાં ભાવથી વિતરણ કરવામાં આવે છે. તેમજ તમામ ૭૧ લાખ N.F.S.A. રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવાર નિમિતે પ્રતિ કુટુંબ ૧ લીટર સીંગતેલ રૂા.૧૦૦/-ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભારત સરકાર દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ની અવધિ ત્રણ માસ એટલે કે ડિસેમ્બર -૨૦૨૨ માસ સુધી લંબાવાઈ છે.આ યોજના હેઠળ માહે ઓક્ટોબર-૨૦૨૨ માસ માટે ૭૧ લાખ N.F.S.A.રેશનકાર્ડ ધારકોને રેગ્યુલર મળવાપાત્ર અનાજ ઉપરાંત પ્રતિ વ્યક્તિ ૧ કિ.ગ્રા. ઘઉં તથા ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ તા.૧૫/૧૦/૨૦૨૨ થી શરૂ કરવામાં આવી છે.ભારત સરકારની સુચના મુજબ રાહતદરનું વિતરણ અને વિનામુલ્યે વિતરણ અલગ-અલગ કરવામાં આવે છે.

વિપુલ ચૌહાણ .......................

વંદે ગુજરાત
20 વર્ષનો વિશ્વાસ
20 વર્ષનો વિકાસ

સત્યમેવ જયતે

ન્યૂઝ એન્ડ મીડિયા રિલેશન શાખા
માહિતી નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦

ઈ-મેઈલ : gujaratinformation@gmail.com વેબસાઇટ : www.gujaratinformation.gujarat.gov.in

૧૮ ઓક્ટોબર, ૨૦૨૨ સમાચાર સંખ્યા : ૧૨૫૬

## ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે રાજય સરકાર કટિબધ્ધ

## મગફળી, મગ, અડદ અને સોયાબીનની લાભપાંચમ થી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારનો ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય : પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

..................

- **રાજયના ખેડૂતો પાસેથી એક વર્ષમાં રૂ.૩૬૪૬ કરોડની મગફળી, તુવેર અને ચણાની ટેકાના ભાવે ખરીદી કરાઈ**
- **રાજયના ૩.૪૩ લાખ ખેડૂતો પાસેથી ૬.૭૩ કરોડ મેટ્રીક ટન જથ્થો ખરીદાયો**
- **છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂ.૨૨,૫૯૬ કરોડ મૂલ્યની વિવિધ જણસોની ખરીદી કરાઈ**

..................

પ્રવક્ત મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવા તથા ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાઇઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની તા.૨૯ ઓકટોબર-૨૦૨૨ લાભપાંચમ થી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. રાજયના ખેડૂતો પાસેથી છેલ્લા એક વર્ષમાં રૂ.૩૬૪૬ કરોડની મગફળી, તુવેર અને ચણાની ટેકાના ભાવે ખરીદી કરાઈ છે. જયારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂ.૨૨,૫૯૬ કરોડ મૂલ્યની વિવિધ જણસોની ખરીદી કરાઈ છે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ જણસીઓ સત્વરે ખરીદવા અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રાઇઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ટેકાના ભાવે ખરીદી ખરીદી કરાઈ છે જેમાં મગફળીની ખરીદી માટે કુલ ૨,૬૫,૫૫૮ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. જે પૈકી કુલ ૪૯,૮૯૯ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ

૫૫૮.૫૩ કરોડ મૂલ્યના ૯૫,૨૩૦ મે.ટન મગફળીના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જયારે ખરીફ વર્ષ ૨૦૨૧-૨૨માં ટેકાના ભાવે તુવેરની ખરીદી માટે કુલ ૧૮,૫૩૫ ખેડૂતોએ નોંધણી કરાવેલ હતી. જે પૈકી કુલ ૧૦,૨૮૮ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૧૨૬.૦૩ કરોડ મૂલ્યના ૨૦,૦૦૪ મે.ટન તુવેરના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

એ જ રીતે રવિ સિઝન દરમિયાન વર્ષ ૨૦૨૧-૨૨માં ચણાની ખરીદી માટે કુલ ૩,૩૮,૭૭૭ ખેડૂતોએ નોંધણી કરાવી હતી જે પૈકી કુલ ૨,૮૩,૦૪૩ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૨૯૨૧.૬૦ કરોડ મૂલ્યના ૫,૫૮,૬૨૩ મે.ટન ચણાના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

મગફળી, મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોની નોંધણી ગ્રામ્ય કક્ષાએથી ઇ-ગ્રામ કેન્દ્રો પરથી VCE મારફતે તા.૨૫/૦૯/૨૦૨૨ થી શરૂ કરવામાં આવી છે. જે તા.૧૦.૧૧.૨૦૨૨ સુધી કરવામાં આવશે.

મંત્રી શ્રી એ ઉમેર્યું કે, નોંધણી થયેલ ખેડૂતોને ક્રમાનુસાર SMS મોકલી અથવા ટેલીફોનીક જાણ કરવામાં આવશે. જાણ કરાયેલા ખેડૂતોએ નિયત ખરીદ કેન્દ્ર ખાતે પોતાની જણસીના ટેકાના ભાવે વેચાણ માટે હાજર રહેવાનું રહેશે. સોમવારથી શુક્રવાર દરમિયાન સંજોગોવસાત નિયત દિવસે હાજર ન રહી શક્યા હોય તેવા ખેડૂતોને શનિવારના દિવસે વેચાણ માટે તક આપવામાં આવશે. વેચાણ કરેલ જણસીનું ખેડૂતોને ચુકવણું સીધા ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના કુલ ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂ.૨૨,૫૯૬ કરોડ મૂલ્યના મગફળી, મગ, અડદ, તુવેર, ચણા, રાયડો અને કપાસના ૪૫.૧૩ લાખ મે.ટન જેટલા વિપુલ જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

**વિપુલ ચૌહાણ** ..................